ગોંડલના બીલીયાળા ગામે કંપનીમાંથી ૧૪.૦૫ લાખના કેબલ વાયરની ચોરી કરનાર ટોળકી પકડાઈ

સિકયુરીટી ગાર્ડ સહિત ૮ શખ્સોને પોલીસે ઝડપી લીધા: ચોરીના ભેદ ખૂલ્યા

રાજકોટ:ગોંડલના બીલીયાળા ગામે કંપનીમાંથી ૧૪ લાખના કેબલ વાયરની ચોરી કરનાર સિકયુરીટી ગાર્ડ સહિતના ૮ શખ્સોનની ટોળકીને ગોંડલતાલુકા પોલીસે ઝડપી લઈ બે ચોરીનો ભેદ ઉકેલ્યો હતો.

રાજકોટ ગ્રામ્ય જીલ્લા પોલીસ અધિક્ષક વિજયસિંહ ગુર્જર તથા ગોંડલ વિભાગના નાયબ પોલીસ અધિક્ષક કે.જી.ઝાલા ચોરીના ગુન્હાઓ ડીટેકટ કરવા સુચના આપેલ હોય જે અનુસંધાને ગોંડલ તાલુકા પોલીસ ઈન્સ્પેકટર વી.એમ. ડોડીયાના માર્ગદર્શન હેઠઈ પોલીસ સ્ટાધફે બીલીયાળા ગામે કંપનીમાંથી ૧૪.૦૫ લાખના કેબલ વાયરની ચોરી કરનાર ટોળકી (૧) રોહીતભાઈ છગનભાઈ બોરીચા રહે. બીલીયાળા ગામ, (૨) કુમાર કુરજીભાઈ પરમાર રહે. ગોંડલ, આશાપુરા ચોકડી, પ્રમુખનગર, શેરી નં.૨, (૩) વિશાલ ઉર્ફે નાનુ રમેશભાઈ રવજીભાઈ સાકરીયા રહે, બિલીયાળા ગામ તા.ગોંડલ જી.રાજકોટ. (૪) જીગર દિલીપભાઈ ભીખાભાઈ રહે, આંબેડકર નગર, ૫૦ વારીયામાં, ગોદાવરી ગેઈટ ની અંદર, શાપર-વેરાવળ (૫) વિરમદેવસિંહ કિશોરસિંહ ભીખુભા જાડેજા રહે, આંબેડકર નગર, ૫૦ વારીયામાં, ગોદાવરી ગેઈટ ની અંદર, શાપર-વેરાવળ (૬) સંજય ઉર્ફે લાલો મહેશભાઈ નથુભાઈ પરમાર રહે, રામદેવનગર, રામાપિર ના મંદિર પાસે સાપર-વેરાવળ (૭) આશીષશાહ ઘનશ્યામ શાહ રહે. માઈકો ગેટની બાજુમાં, શાપર તથા (૮) રમઝાન અલીભાઈ કારવા રહે, સર્વોદય સોસા. ૫૦ વારીયા, પંચમુખી હનુમાન દાદા મંદિર ની બાજુમા શાપર-વેરાવળને ઝડપી લીધા હતા. પકડાયેલ ટોળકીએ જલારામ જીન માંથી ૨૦૦ મણ ઘંઉ કિ. ૯ લાખની ચોરી કર્યાની કબુલાત આપી હતી. પકડાયેલ ટોળકીને કોર્ટમાં રજુ કરતા કોર્ટ બે દિ'ના રિમાન્ડ ઉપર સોંપવા હુકમ કર્યા છે.આ કાર્યવાહી ગોંડલ તાલુકાના પીએસઆઈ આર.આર. સોલંકી સહિતના સ્ટાફે કરી હતી.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ટેક્સ મેગા રિકવરી ડ્રાઈવ યોજાઈ

૩૭૮ મિલકત સીલ કરેલ, ૪૮૫ મિલકતો સામે કુલ રૂ.૪.૯૨ કરોડ રિકવરી

રાજકોટ:

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તા.૧૫-૦૧-૨૦૨૬ના રોજ રાજકોટ મહાનગરપાલિકા વિસ્તારના તમામ વોર્ડમાં બાકી મિલકત વેરા સામે મેગા રિકવરી ડ્રાઈવ યોજવામાં આવેલ. જેમાં એક દિવસની મેગા ડ્રાઈવમાં કુલ ૩૭૮ મિલકત સીલ કરવામાં આવેલ, કુલ ૪૮૫ મિલકતો સામે રિકવરી કરવામાં આવેલ અને મેગા ડ્રાઈવમાં કુલ રૂ.૪.૯૨ કરોડ રિકવરી કરવામાં આવેલ છે.

રાજકોટ મહાનગરપાલિકાની હદમાં આવેલ અને રાજકોટ મહાનગરપાલિકાના અધિકૃત રેકર્ડ પર નોંધાયેલ રહેણાંક (Residential), વ્યાવસાયિક (Commercial), ઔદ્યોગિક (Industrial) તેમજ અન્ય કેટેગરીની મિલ્કત ધરાવતા તમામ મિલ્કતધારકોને આથી જાણ કરવામાં આવે છે કે, જે મિલ્કતધારકો દ્વારા મિલકત વેરા તથા પાણી ચાર્જીસ પેટે રૂ. ૫,૦૦૦/- (અંકે રૂપિયા પાંચ હજાર) કે તેથી વધુ રકમ બાકી છે, તેવા બાકીદાર મિલ્કતધારકોની યાદી તથા તેમની સામે ભરપાઇ કરવા પાત્ર બાકી રકમની વિગત રાજકોટ મહાનગરપાલિકાની અધિકૃત વેબસાઈટ www.rmc.gov.in પર જાહેર કરવામાં આવેલ છે. આ યાદીમાં સમાવિષ્ટ બાકીદાર મિલ્કતધારકોને સૂચના આપવામાં આવે છે કે તેઓ રાજકોટ મહાનગરપાલિકાની વેબસાઈટ પરથી પોતાની મિલ્કત સંબંધિત બાકી રકમની ચોક્કસ વિગતો મેળવી, મિલકત વેરા તથા પાણી ચાર્જીસની બાકી રહેતી તમામ રકમ સત્વરે અને તાત્કાલિક ભરપાઇ કરે તેવો અનુરોધ કરવામાં આવે છે.

જો બાકીદાર મિલ્કતધારકો દ્વારા નિર્ધારિત સમયમર્યાદામાં બાકી રકમ ભરપાઇ કરવામાં નહી આવે તો, રાજકોટ મહાનગરપાલિકાની વેરા વસુલાત શાખા દ્વારા ધી ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ, ૧૯૪૯ (GPMC Act, 1949) ની કલમ ૧૨૮ હેઠળ કાયદેસર કાર્યવાહી હાથ ધરવામાં આવશે. આ કાર્યવાહી અંતર્ગત સંબંધિત મિલ્કતોને સીલ કરવી, પાણીનું નળ કનેકશન કપાત કરવું, તેમજ બાકી રકમની વસુલાત અર્થે મિલ્કતની હરરાજી કરવા સુધીની કડક કાર્યવાહી આગામી સમાહથી હાથ ધરવામાં આવશે. આવી કાર્યવાહીથી થનારી કોઈપણ અસુવિધા માટે સંબંધિત બાકીદાર મિલ્કતધારક પોતે જ સંપૂર્ણપણે જવાબદાર રહેશે.

જુદી-જુદી મિલકત વેરા તથા પાણી ચાર્જીસની બાકી રકમની ભરપાઇ માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સુવિધાઓ ઉપલબ્ધ છે. બાકીદાર મિલ્કતધારકો ઓનલાઈન માધ્યમ, નજીકની વોર્ડ ઓફિસ, સિટી સિવિક સેન્ટર તેમજ સંબંધિત ઝોન ઓફિસ ખાતે જઈને સહેલાઈપૂર્વક બાકી રકમ ભરપાઇ કરી શકે છે.

રાજકોટ મહાનગરપાલિકા તમામ નાગરિકોને શહેરના સર્વાંગી વિકાસ, સુવ્યવસ્થિત નાગરિક સેવાઓ અને આવનારા વિકાસકાર્યોમાં સહયોગ આપવા માટે મિલકત વેરા તથા પાણી ચાર્જીસની સમયસર ચુકવણી કરવા અનુરોધ કરે છે અને બાકીદાર મિલ્કતધારકોને આ જાહેર સૂચનાને ગંભીરતાપૂર્વક લઈ તાત્કાલિક બાકી મિલકત વેરો તથા પાણી ચાર્જીસ ભરપાઈ કરવા સુચના આપવામાં આવે છે.

'રિજનલ એસ્પિરેશન, ગ્લોબલ એમ્બિશન'ના સૂત્રને આત્મસાત કરતી વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ- ૨૦૨૬

કુશળ કલાકારોની કલાને મળ્યું વૈશ્વિક મંચ : સરકારશ્રીનો આભાર માનતા કલાકારો

રાજકોટ :"રિજનલ એસ્પિરેશન, ગ્લોબલ એમ્બિશન"ના પ્રેરણાદાયી સૂત્રને આત્મસાત કરતી વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ –૨૦૨૬ રાજ્યના વિકાસ સાથે-સાથે ભારતીય પરંપરા, હસ્તકલા અને સર્જનાત્મકતાનું જીવંત પ્રદર્શન બની રહી.

કોન્ફરન્સ દરમિયાન સ્થાનિક અને પરંપરાગત કલાકારોની કલાને વૈશ્વિક સ્તરે રજૂ કરવાનો અનોખો અવસર મળ્યો. વિવિધ સ્ટોલ પર ભારતની સમૃદ્ધ હસ્તકલા અને લોકકલાએ મુલાકાતીઓનું ધ્યાન આકર્ષ્યું. આ તમામ વચ્ચે અત્યંત ગૌરવપૂર્ણ ક્ષણ આવી જ્યારે આપણા દેશના વડાપ્રધાનશ્રીએ કોન્ફરન્સમાં ઉપસ્થિત રહી વિવિધ સ્ટોલ્સની મુલાકાત લીધી. તેમની ઉપસ્થિતિએ કલાકારોના મનોબળને નવી ઊંચાઈ આપી અને ભારતીય પરંપરાગત કલાની ક્ષમતાને ઉજાગર કરી.

વર્ષ ૨૦૧૭થી લીપણ આર્ટ સાથે જોડાયેલા પૂજાબેન ચૌહાણ માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાથેની મુલાકાત ગૌરવની ક્ષણ બની રહી. પૂજાબેને જણાવ્યું કે, "વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ સમિટ જેવા વૈશ્વિક મંચ પર અમારી કલાને સ્થાન મળવું એ દરેક કલાકારનું સપનું છે. વડાપ્રધાનશ્રી સાથેની મુલાકાત અમારા માટે અવિસ્મરણીય બની રહેશે." કલાકારોને ઓળખ અને અવસર આપવા બદલ તેમણે સરકારશ્રીનો આભાર માન્યો હતો.

વેસ્ટમાંથી બેસ્ટ વસ્તુઓ બનાવતા ભાવનગરથી આવેલા કલાકાર શ્રી શાંતિભાઈ ગોયાણીએ જણાવ્યું હતું કે, "નારીયેળમાંથી નીકળતા છોતરાંને સમાન્ય રીતે લોકો ફેંકી દેતા હોય છે, પરંતુ અમે તેનો ઉપયોગ કરીને વિવિધ કલાત્મક વસ્તુઓ બનાવીએ છીએ. વાઈબ્રન્ટ ગુજરાતનો અમારો અનુભવ ખૂબ જ સારો રહ્યો. સરકારશ્રી દ્વારા અમને નિઃશુલ્ક સ્ટોલ ફાળવવામાં આવ્યો. અમારે વેચાણ પણ ખૂબ સારું રહ્યું. જે બદલ અમે સરકારશ્રીનો આભાર માનીએ છીએ."

આ કોન્ફરન્સ તો ૧૫ જાન્યુઆરીના રોજ સમાપ્ત થઈ, પરંતુ સ્થાનિકથી વૈશ્વિક સુધીના સફરમાં કલાકારો અને તેમની સર્જનાત્મકતાને નવી ઓળખ અપાવતી ગઈ. આ કોન્ફરન્સ 'વોકલ ફોર લોકલ'ના સંકલ્પને વધુ મજબૂત બનાવી ભારતીય સાંસ્કૃતિક વારસાને વિશ્વના નકશા પર ઉજાગર કરતી ઐતિહાસિક પહેલ બની રહી.

ડ્રોન ટેક્નોલોજીનાં સથવારે ગ્રામ્ય વિસ્તારની મહિલાઓ બની રહી છે આત્મનિર્ભર

ડ્રોન મળ્યા બાદ અમારી પ્રગતિ થઈ, મારા જેવી બીજી અનેક મહિલાઓ પણ પગભર થઈ : "ડ્રોન દીદી" બંસરીબેન

રાજકોટ: વિકસિત ભારત-૨૦૪૭ના સંકલ્પને સાકાર કરતી વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ-૨૦૨૬માં વિકાસ, રોકાણ અને નવીનતાની વિશેષ ઝાંખી જોવા મળી. વી.જી.આર.સી.માં દેવભૂમિ દ્વારકાથી આવેલા "ડ્રોન દીદી" શ્રી બંસરી હડિયલ પણ ઉપસ્થિત રહ્યા હતા. તેમનાં ગામ તથા આસપાસનાં વિસ્તારમાં તેમને સૌ "ડ્રોન દીદી"નાં નામે જ ઓળખે છે.

આ પ્રસંગે સ્વાભાવિક રીતે એક પ્રશ્ન ઊભો થાય કે બંસરીબેનને "ડ્રોન દીદી" તરીકે શા માટે ઓળખવામાં આવે છે? એક સમય હતો જ્યારે ખેતીકામ એટલે કલાકોની મહેનત....જ્યારે આજે એ જ ખેતીકામ મહિલાઓ ડ્રોનની મદદથી આંગળીનાં ટેરવે અને ગણતરીના સમયમાં પૂરું કરે છે. આ પરિવર્તનનું સશક્ત ઉદાહરણ છે "નમો ડ્રોન દીદી યોજના".

ભારત હવે વિકાસના નવા તબક્કામાં પ્રવેશી ચૂક્યું છે. સરકારની દૂરદર્શી વિચારધારા અને આધુનિક ટેકનોલોજીના મિશ્રણથી ગ્રામ્ય વિસ્તારોમાં પરિવર્તનની લહેર જોવા મળી રહી છે. ખેતીમાં સફળતા માટે મૂડીરોકાણ કે વિશાળ સાધનસામગ્રી હોવી જરૂરી નથી. સરકાર દ્વારા આપવામાં આવતી તાલીમ અને સાધનોના સહારે ગામડાંની બહેનો આજે આત્મનિર્ભર બની રહી છે.

"નમો ડ્રોન દીદી યોજના" અંતર્ગત તાલીમ લીધેલી મહિલાઓ ડ્રોનના માધ્યમથી દવાનો છંટકાવ કરી વર્ષે લાખોની આવક સાથે હવે "ડ્રોન દીદી" તરીકે ઓળખાય છે.

બંસરીબેને "નમો ડ્રોન દીદી" યોજનાનો લાભ લીધો છે. જે અન્વયે તેઓ અમદાવાદ ખાતે યોજાયેલી ૧૫ દિવસની તાલીમમાં ડ્રોન પાયલોટની થિયરી અને પ્રેક્ટીકલ જ્ઞાન સાથે રીમોટથી ડ્રોન ઉડાવવાની રીત અંગે શીખ્યા હતા.

તેમણે જણાવ્યું હતું કે, "સરકાર દ્વારા યોજાયેલી તાલીમ અને વિનામૂલ્યે આપવામાં આવેલા ડ્રોન થકી હું આત્મનિર્ભર બની છું. ડ્રોન ટેકનોલોજીથી અમને તો ફાયદો થયો જ છે પરંતુ સાથે ખેડૂતોને પણ અનેક લાભ થાય છે, દવાનો છંટકાવ પંપને બદલે ડ્રોન વડે કરવામાં આવે તો સમય અને મહેનતનો બચાવ થાય છે. સાથોસાથ પાણી પણ બચાવી શકાય છે. ડ્રોન મળ્યા બાદ અમારી ઘણી પ્રગતિ થઈ છે. મારા જેવી બીજી અનેક મહિલાઓ પણ પગભર થઈ છે. જે બદલ હું રાજ્ય સરકારનો અને મોદી સાહેબનો આભાર માનું છું."

વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ-૨૦૨૬ના મંચ પર જ્યારે બંસરીબેન જેવા "ડ્રોન દીદી"ઓ પોતાની સફળતાની કહાણી રજૂ કરે છે.

તાવ આવ્યા બાદ હોસ્પિટલમાં દાખલ થયેલ ૧૯ વર્ષીય યુવાનનું મોત

રાજકોટ:શહેરમાં તાવ આવ્યા બાદ યુવકના મોતની ઘટના સામે આવી છે. જેમાં હોસ્પિટલમાં દાખલ થયેલ ૧૯ વર્ષીય યુવાનનું મોત નીપજ્યું હતું. રણજીત મિથુન ખેતરાપાલ પહેલા ખાનગી હોસ્પિટલમાં દાખલ થયો હતો પછી સિવિલમાં ખસેડતા દમ તોડી દીધો હતો. તે ઈમિટેશનનું કામ કરતો હતો. બનાવથી પરિવારમાં કલ્પાંત છવાયો હતો.મળતી માહિતી મુજબ, રણજીત મિથુનભાઈ ખેતરાપાલ (ઉંમર વર્ષ ૧૯, રહે. ગુલાબ પાર્ક સોસાયટી, પેડક રોડ, રાજકોટ) ગઈકાલે સવારે ૮ વાગ્યાની આસપાસ પોતે પોતાના ઘેર હતા ત્યારે બીમારી સબબ પ્રથમ સારવાર આનંદ હોસ્પિટલ બાદ બપોરે ૧૨.૨૯ વાગ્યે સરકારી હોસ્પિટલમાં સારવારમાં લાવતા મેડિશન ૧૧ માં દાખલ કરેલ હતો.જેનું ચાલુ સારવાર દરમિયાન ગઈકાલે બપોરે મોત નીપજ્યું હતું. પરિવારે જણાવ્યું કે, મૃતક મૂળ બંગાળનો વતની હતો અહીં રાજકોટમાં ઈમીટેશન નું કામ કરતો હતો. રણજીતને બુધવારે તાવ આવતો હોવાથી તેણે સ્થાનિક ક્લિનિક માંથી દવા લીધી હતી.જે પછી ખાનગી હોસ્પિટલમાં દાખલ થયો હતો અને ત્યાંથી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં રિફર કરાયો હતો. પોલીસે મૃતકના મૃતદેહને પીએમ માટે ખસેડ્યો હતો. યુવકના મોતથી પરિવારમાં. શોક છવાયો હતો.

ભરૂડી તેમજ પીઠડીયા ટોલપ્લાઝાએ વીનામુલ્યે આંખ નિદાન કેમ્પ અને ટ્રાફિક અવેરનેસ કાર્યક્રમ યોજાયા

રાજકોટ:રાજકોટ જેતપુર હાઈવે પર ભરૂડી ટોલ પ્લાઝા તેમજ પીઠડીયા ટોલ પ્લાઝા ઉપર ૩૭ માં રોડ સેફ્ટી અવરનેશ કાર્યક્રમ જીલ્લા હાઈવે ટ્રાફિક પોલીસ તેમજ નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા માર્ગ સલામતિ માસ અંતર્ગત એસ.પી વિજયસિંહ ગુર્જરના માર્ગદર્શન હેઠળ તેમજ ગોંડલ ડીવાયએસપી કે.જી.ઝાલાના અધ્યક્ષ સ્થાને હાઈવે ઉપર પસાર થતા વાહન ચાલકોનું તેમજ લોકોનું વિના મુલ્યે આંખ નિદાન ચેકઅપ કેમ્પનું આયોજન તથા રોડ સલામતી અને ટ્રાફિક નિયમનના પાલન માટે અવેરનેસ કાર્યક્રમ યોજવામાં આવ્યા હતા જેમાં આંખોના ડોકટરોની ટીમને સાથે રાખીને આંખ નિદાન કેમ્પમાં વાહન ચાલકોને ફ્રી ચશ્માં વિતરણ

કરવામાં આવ્યા હતા, સાથે સાથે નેશનલ હાઈવે ઓથોરિટી તેમજ રાજકોટ જિલ્લાના ટ્રાફિક પોલીસ દ્વારા વાહન ચાલકોમાં ટ્રાફિક નિયમનની જાગૃતતા આવે તે માટે ટ્રાફિક નિયમન અને રોડ સલામતી માટે ટ્રાફિક નીયમનના પેમ્પલેટ વહેંચી અવેરનેસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં જીલ્લા ટ્રાફિક પોલીસ શાખાના પોલીસ સબ ઇન્સ્પેક્ટર એસ.ડી.રાણા તેમજ ટ્રાફિક પીએસઆઈ હર્ષદભાઈ જાની તથા જિલ્લા ટ્રાફિક પોલીસ કોન્સ્ટેબલ જયદેવસિંહ ઝાલા તેમજ જિલ્લા પોલીસ સ્ટાફ તેમજ નેશનલ હાઈવે ઓથોરિટી ના અધિકારી રાજેશ સાહુ તેમજ પ્રોજેક્ટ હેડ ટોલ પ્લાઝા હસમુખ ગઢવી તથા મેનેજર ધીરુભાઈ મકવાણા અને અન્ય સ્ટાફ હાજર રહી ચશ્માં વિતરણ તેમજ લોકો ને ટ્રાફિક પ્રત્યે જાગૃત કર્યા હતા.આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ટોલપ્લાઝાના મેનેજર હસમુખભાઈ ગઢવી તેમજ મેનેજમેન્ટ સ્ટાફ તેમજ રાજકોટ જિલ્લા ટ્રાફિક પોલીસ સ્ટાફ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.

૧૦૦ વર્ષીય કંકુબેન મંજુસા અગાશી પરથી પડી ગયા બાદ સારવારમાં મોત

રાજકોટ:શહેરમાં મિલપરા શેરી નંબર ૧૩, કાંતા વિકાસ ગૃહ મેઇન રોડ પર રહેતા કંકુબેન મનજીભાઈ મંજુસા (ઉંમર વર્ષ ૧૦૦, રહે. ગઈકાલે રાત્રે ૧:૩૦ વાગ્યા આસપાસ પોતાના ઘરે પહેલા માળ જેટલી ઊંચાઈએથી પડી જતા માથે - શરીરે ઈજા થતાં બેભાન હાલતમાં રાજકોટ સિવિલ હોસ્પિટલમાં લાવતા સારવાર દરમિયાન વહેલી સવારે ૪.૪૫ વાગ્યાં આસપાસ મોત નીપજ્યું હતું.પરિવારે જણાવ્યું કે, કંકુબેનને ચાર દીકરા અને ચાર દીકરીઓનું સંતાન સુખ છે. પતિ મનજીભાઈ ઘોડાગાડી ચલાવતા. વર્ષો પહેલા તેઓ અવસાન પામ્યા હતા. શતાયું કંકુબેન પુત્ર સાથે રહેતા હતા. ગઈકાલે રાત્રે તેમની ઊંઘ ઉડી હશે અને નીચેના માળે આવતા હતા ત્યારે પડી ગયા હતા. પોલીસે મૃતદેહ પીએમ માટે ખસેડી જરૂરી કાગળ કાર્યવાહી કરી હતી.

ફુડ વિભાગનું ચેકીંગ ચાલુ : મવડી રોડના ખાણીપીણીના ૨૧ ધંધાર્થીને ત્યાં તપાસ કરાઈ

રાજકોટ:સંક્રાંતિ પર આરોગ્ય અને ફુડ વિભાગે હોટલો અને દુકાનોમાંથી ઉંધીયુ અને ફરસાણના વધુ નમુના લઈ લેબોરેટરીમાં મોકલ્યા છે. કોઠારીયા રોડ હરી ધવા મેઈન રોડના રામપાર્કમાં આવેલ રાહુલ પ્લાઝામાં શ્રી પટેલ ચાઈનીઝ એન્ડ સાઉથ ઈન્ડિયનમાં અને કાલાવડ રોડ પર મટુકી રેસ્ટોરન્ટમાંથી પ્રિપેર્ડ ઉંધીયુ સબ્જીના નમુના લેવામાં આવ્યા હતા.તો કોટેચાનગર મેઈન રોડના માલાણી કોમ્પ્લેક્ષમાં આવેલ બજરંગ ફરસાણમાંથી ફાફડા ગાંઠીયા અને રેલ્વે સ્ટેશન સામે ભાટીયા બોર્ડિંગ બાજુમાં આવેલ અમૃત સ્વીટસ એન્ડ ડેરી ફાર્મમાંથી જલેબીના સેમ્પલ લઈને પરીક્ષણમાં મોકલવામાં આવ્યા છે. જોકે સંક્રાંતિ પર વેંચાયેલા ઉંધીયુ અને મીઠાઇ સહિતની ખાદ્ય વસ્તુના રીપોર્ટ ઉનાળામાં આવશે તે નકકી છે!

દરમ્યાન ફુડ વિભાગની ટીમે આનંદ બંગલા ચોક થી મવડી ચોકડી સુધીના વિસ્તારમાં ખાદ્યચીજોનું વેચાણ કરતાં કુલ ૨૧ દુકાનદારોને ત્યાં ૯ નમુનાની ચકાસણી કરી હતી અને તેમાંથી ૯ ધંધાર્થીને લાયસન્સ માટે સુચના આપી હતી. તેમાં (૧)ખોડિયાર કિરાણા ભંડાર (૨)જલારામ ચીકી (૩)શિવશકિત રેસ્ટોરેન્ટ (૪)તુલસી એન્ટરપ્રાઇઝ (૫)જય લાઈવ ચીકી (૬)સીતારામ છોલે ભટુરે (૭)માતિરેરી ફાર્મ (૮)ક્રિષ્ના પાણીપુરી (૯)ભેનાથ કોલ્ડ પાણીપુરીનો સમાવેશ થાય છે.

ઉપરાંત (૧૦)મધુભાઈ ગોરધનભાઈ ચેવડાવાળા (૧૧)રાજા ગૃહ ઉદ્યોગ (૧૨)સિલ્વર બેકરી (૧૩)ડાઈમંડ સીંગ (૧૪)શિવશકિત ડેરી (૧૫)ડિલિશ્યસ ફૂડ (૧૬)વેણુ ટ્રેડિંગ (૧૭)રાજુ ખમણ (૧૮)મિલન સ્વીટ માર્ટ (૧૯)બાલમુકુન?દ કિરાણા ભંડાર (૨૦)નંદકિશોર ડેરી ફાર્મ (૨૧)સહજાનંદ ફૂડ ઝોનમાં તપાસ કરવામાં આવી હતી.

આર્ષ વિદ્યા મંદિરમાં ૧૯ ફેબ્રુ.થી ૧ વર્ષનો નિઃશુલ્ક વેદાંત અભ્યાસ

રાજકોટ:આર્ષ વિદ્યા મંદિર, રાજકોટ દ્વારા આધ્યાત્મિક જ્ઞાન ફેલાવવા માટે "વેદાંત અભ્યાસ કોર્સ" શરૂ કરવામાં આવી રહ્યો છે. આ ૧૨ મહિના ચાલનારો સંપૂર્ણ સમયનો અભ્યાસક્રમ તા.૧૯ ફેબ્રુઆરી ૨૦૨૬ ગુરુવારથી શરૂ થશે. આ કોર્સ સંપૂર્ણપણે નિઃશુલ્ક રહેશે અને તેનો સંપૂર્ણ અભ્યાસ હિન્દી ભાષામાં આપવામાં આવશે.

આ અભ્યાસક્રમમાં મહત્વપૂર્ણ ધાર્મિક ગ્રંથોનું સરળ અને ઊંડાણપૂર્વક અધ્યયન કરાવવામાં આવશે. તેમાં ભગવદ્ ગીતા અધ્યાય ૫ અને ૬, ઈશાવાસ્ય ઉપનિષદ તથા કઠોપનિષદ અને વિવેકચૂડામણિમાંથી પસંદ કરેલા મંત્રો શીખવવામાં આવશે. સાથે સાથે સંસ્કૃત ભાષામાં અભ્યાસ અને મંત્રોચ્ચારણનું માર્ગદર્શન પણ આપવામાં આવશે. તમામ શાસ્ત્રો શાંકર ભાષ્યની સાથે સમજાવવામાં આવશે જેથી વિષય સ્પષ્ટ રીતે સમજાય.

આ સમગ્ર કોર્સનું માર્ગદર્શન પરમ પૂજ્ય સ્વામી પરમાત્માનંદજી આપશે. પૂજ્ય સ્વામીજી આધ્યાત્મિક ક્ષેત્રના પ્રતિષ્ઠિત આચાર્ય છે જે ખૂબ સરળ ભાષામાં દરેક વિષયો સમજાવવાની તેમની ખાસ શૈલી ખૂબ લોકપ્રિય છે. જીવનને સાર્થક, શાંત અને આનંદમય બનાવવા માટે આ અભ્યાસક્રમ ખૂબ ઉપયોગી સાબિત થશે.આ શિબિરમાં પ્રવેશ માટે અરજીઓ સ્વીકારવાની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. ઇચ્છુક વિદ્યાર્થીઓ નીચે આપવામાં આવેલી લિંક દ્વારા ઓનલાઈન અરજી કરી શકે છે અને વધુ માહિતી માટે મો. +૯૧ ૯૫૧૦૧ ૨૪૩૯૪ પર સંપર્ક કરવા યાદીમાં જણાવ્યું છે.

વોર્ડ નં.૧૫માં સ્કુલનું નવું બિલ્ડીંગ હજુ ઉદઘાટનની રાહમાં!

રાજકોટ:શહેરના પૂર્વ ઝોનમાં વોર્ડ નં. ૧૫માં આવેલી શાળા નં.૭૬નું બિલ્ડીંગ લાંબા સમયથી બની જવા છતાં હજુ સુધી શાસકોએ ચાલુ નહીં કરાવતા વોર્ડના કોંગી કોર્પોરેટરોએ હવે લોકોને સાથે રાખી જાતે ઉદઘાટન કરી નાંખવા ચીમકી ઉચ્ચારી છે. વોર્ડ નં.૧૫માં ખોડીયાર નગર મેઈન રોડ પર આવેલ શાળા નંબર ૭૬માં ખોડીયાર પ્રાથમિક શાળાની નવી બિલ્ડીંગ ઘણા સમયથી તૈયાર થઈ ગઈ છે.પરંતુ શાળા ચાલુ કરવા માટે કયા મોટા નેતાની રાહ જોવાય છે તે સમજાતું નથી. હવે જો ૮ દિવસમાં આ શાળા નંબર ૭૬નું નવું બિલ્ડીંગ ચાલુ નહી કરવામાં આવે તો વોર્ડ નંબર ૧૫ના ચારેય

કોર્પોરેટર વશરામભાઈ સાગઠીયા, મકબુલભાઈ દાઉદાણી, કોમલબેન ભારાઈ, ભાનુબેન સોરાણી, કોંગ્રેસ કાર્યકર્તા અને સ્થાનિક રહીશોને સાથે રાખીને આ શાળા ચાલુ કરાવી નાંખશે તેવી જાહેરાત કરવામાં આવી છે. આ વિસ્તારના બાળકોને જ્યાં સુધી આ બિલ્ડિંગ નવી બનતી હતી ત્યાં સુધી ટ્રાન્સપોર્ટેશન ખર્ચ પણ કોર્પોરેશન તરફથી આપવામાં આવેલ નથી અને આ વિસ્તારના બાળકોને પોતાના અભ્યાસ માટે દૂર હાલમાં જ્યાં શાળા નંબર ૭૬ અને ૨૯ એકી સાથે ચાલુ છે ત્યાં જવું પડે છે. મનપાએ લાંબા સમય બાદ અહીં સ્કુલ માટે માલિકીનું બિલ્ડીંગ બનાવ્યું છે. આ શાળાનો પ્રશ્ન જનરલ બોર્ડમાં પણ ગાજેલો છે. આમ છતાં હજુ તેના ઉદઘાટનમાં આશ્ચર્યજનક વિલંબ કરવામાં આવતો હોવાનું કોંગ્રેસ કહે છે.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner: Leela News Network Private Limited, Printer & Publisher Komalkant Fakirchand Sharma , on behalf of Leela News Network Private Limited. Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at 7th Floor Pramukh Swami Arcade, Malaviya Chowk, Rajkot. Editor: Rajesh Kiritbhai Dave (Responsible for News editing as per PRB ACT)